# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-12-2024 Morning : 7.45 to 7.55

Day : Friday National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

*********************************************************************

1) દિલ્હી પોલીસે ભારતીય જનતા પાર્ટીની ફરિયાદ પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ FIR નોંધી.
2) કેન્દ્રિય મંત્રી અમિત શાહે જમ્મુ-કાશ્મીર અંગે ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી.
3) આવતા મહિના યોજનારી ‘પરિક્ષા પે ચર્ચા’ માટે 14મી જાન્યુઆરી સુધી નોંધણી પ્રક્રિયા ખુલ્લી રહેશે.
4) રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા અમેરિકી રાષ્ટ્રપતિ સાથેની વાટાઘાટોમાં સમજૂતી કરવા તૈયારી દર્શાવી.
5) નાઇજીરીયાના ઇબાદાન શહેરની એક શાળામાં થયેલી નાસભાગમાં 35 બાળકોના મોત- છ બાળકો ઈજાગ્રસ્ત.
6) મહિલા ટી-20 ક્રિકેટમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને 60 રને હરાવી 2-1થી શ્રેણી જીતી લીધી.

***************************************************

## DP-RAHUL FIR

દિલ્હી પોલીસે ભારતીય જનતા પાર્ટીની ફરિયાદ પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ FIR નોંધી છે. દિલ્હી પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

તેઓએ ભારતીય ન્યાયિક સંહિતાની માત્ર કલમ 109 હટાવી છે, ફરિયાદમાં દાખલ કરવામાં આવેલી બાકીની તમામ કલમો યથાવત રખાઇ છે.

ભાજપના સાંસદ અનુરાગ સિંહ ઠાકુરે, સાંસદો બાંસુરી સ્વરાજ અને હેમાંગ જોશી સાથે ગઈકાલે સંસદ ભવન પોલીસ સ્ટેશનમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. ભાજપના સાંસદોને સંસદ ભવન સંકુલમાં ધક્કો મારીને ઈજા પહોંચાડવા બદલ શ્રી ગાંધી પર કલમ 109, 115, 117, 125, 131 અને 351 લગાવવામાં આવી છે.

..........................................

## LS-SPEAKER-INSTRUCTION

લોકસભા અધ્યક્ષ  ઓમ બિરલાએ રાજકીય પક્ષો અને સાંસદો સંસદ ભવનના ગેટ પર વિરોધ પ્રદર્શન કરી શકશે નહીં, તેવો નિર્દેશ આપ્યો છે. ગઇકાલે સંસદ સંકુલમાં વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસ અને ભાજપના સાંસદો દ્વારા કરાયેલી ધક્કામૂક્કીને કારણે બે સાંસદો ઘાયલ થયાની બનેલી ઘટના બાદ તેમણે આ નિર્દેશ આપ્યા છે.

..........................................

## FINAL AMIT SHAH-J&K MEETING

કેન્દ્રીય ગૃહ મંત્રી  અમિત શાહે કહ્યું છે કે, સરકાર આતંકવાદ મુક્ત જમ્મુ અને કાશ્મીરના લક્ષ્યને શક્ય તેટલી વહેલી તકે પ્રાપ્ત કરશે અને આ માટે તમામ સંસાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ગઇકાલે  નવી દિલ્હીમાં જમ્મુ અને કાશ્મીર પર એક ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા, શ્રી શાહે કહ્યું કે, મોદી સરકાર તમામ સુરક્ષા દળોના સંયુક્ત પ્રયાસો દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ પર સંપૂર્ણ નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે વિધાનસભા ચૂંટણી અને લોકસભા ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીરના લોકોની અભૂતપૂર્વ ભાગીદારી દર્શાવે છે કે, તેઓને દેશની લોકશાહીમાં સંપૂર્ણ વિશ્વાસ છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ આતંકવાદી ઘટનાઓ તથા ઘૂસણખોરીમાં નોંધપાત્ર ઘટાડો, અને આતંકવાદી સંગઠનોમાં યુવાનોની ભરતી રોકવા માટે સુરક્ષા એજન્સીઓના પ્રયાસોની પ્રશંસા કરી હતી. શ્રી શાહે, જમ્મુ અને કાશ્મીરમાંથી આતંકવાદને ખતમ કરવા તમામ સુરક્ષા એજન્સીઓને સંકલિત રીતે કામ કરવાનું ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો.

..........................................

## AMIT SHAH-WB

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે  પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે. તેઓ આવતીકાલે સવારે દાર્જિલિંગ જિલ્લાના સિલીગુડીમાં સશસ્ત્ર સીમા દળના સ્થાપના દિવસના કાર્યક્રમમાં હાજરી આપશે.

ઉલ્લેખનીય છે કે, નેપાળ અને ભૂતાનની સરહદોની સુરક્ષા સશસ્ત્ર સીમા દળ દ્વારા કરાય છે.

..........................................

# HC-LS MUMBAI SEAT

મુંબઈ વડી અદાલતે મુંબઈ ઉત્તર પશ્ચિમ સંસદીય બેઠક પરથી શિવસેના-શિંદે જૂથના રવિન્દ્ર વાયકરની જીત સામે દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી છે.

શિવસેના-ઉદ્ધવ ઠાકરે જૂથના ઉમેદવાર અમોલ કીર્તિકરે શ્રી વાયકરની 48 મતોના મામૂલી માર્જિનથી થયેલી  જીતને પડકારી હતી અને ચૂંટણી રદ કરવા વિનંતી કરી હતી. તેમણે મત ગણતરીમાં વિસંગતતાનો આક્ષેપ કરીને પુન:ગણતરી માટે વિનંતી કરી હતી. કેસની સુનાવણી કરતા જસ્ટિસ સંદીપ માર્નેએ કીર્તિકરની અરજી ફગાવી દીધી હતી.

..........................................

# FOREIGN SECY MAURITIUS

વિદેશ સચિવ વિક્રમ મિસ્રી આજે ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે મોરેશિયસ જવા રવાના થશે. પ્રધાનમંત્રી  નવીનચંદ્ર રામગુલામના નેતૃત્વમાં મોરેશિયસમાં નવી સરકારની રચના બાદ ભારત અને મોરેશિયસ વચ્ચે આ પ્રથમ ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય મંત્રણા હશે.

આ મુલાકાત બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચ સ્તરીય આદાન-પ્રદાનના ભાગરૂપે યોજાઇ રહી છે.  જે  ભારતના વિઝન સાગર, આફ્રિકા ફોરવર્ડ નીતિ

અને ગ્લોબલ સાઉથ પ્રત્યેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે મોરેશિયસ સાથેના સંબંધોને અપાઈ રહેલી ભારતની પ્રાથમિકતા દર્શાવે છે.

ભારત અને મોરેશિયસ ઇતિહાસ, સંસ્કૃતિ, પરંપરા અને વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ પર આધારિત સદીઓ જૂના સંબંધો ધરાવે છે. આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવાની તક પૂરી પડશે.

..........................................

# PARIKSHA PE CHARCHA

પરિક્ષા પે ચર્ચાની 8મી આવૃત્તિ આવતા મહિને યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ સંવાદ કાર્યક્રમ માટે નોંધણી શરૂ થઈ ગઈ છે અને MyGov પોર્ટલ પર 14મી જાન્યુઆરી સુધી આ નોંધણી પ્રક્રિયા  ખુલ્લી રહેશે. પરીક્ષાના તણાવને ઘટાડવા અને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને જીવનને ઉત્સવ તરીકે ઉજવવાના  પ્રોત્સાહન સાથે આ કાર્યક્રમ યોજાય છે.

એક નિવેદનમાં, શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ધોરણ 6 થી 12 ના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતા માટે MCQ ફોર્મેટમાં ક્વિઝ સ્પર્ધા વિકસાવવામાં આવી છે.

નોંધણી પ્રક્રિયા દરમિયાન, વિદ્યાર્થીઓ પ્રધાનમંત્રીને પૂછવાના તેમના પસંદગીના પ્રશ્નો રજૂ કરી  શકે છે. આ પ્રશ્નો પરીક્ષાના તણાવ, કારકિર્દી, ભાવિ યોજનાઓ અથવા સામાન્ય રીતે જીવનને લગતા હોઈ શકે છે.

..........................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/ ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................................

# PUTIN-UKRAINE PEACE TALKS

**રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે, તેઓ યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે નવા ચૂંટાયેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સંભવિત વાટાઘાટોમાં સમજૂતી કરવા તૈયાર છે.**

**પત્રકારો સાથે વાત કરતા, શ્રી પુતિને કહ્યું કે, તેમની પાસે યુક્રેન સાથે વાતચીત માટે કોઈ શરતો નથી અને તેઓ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સહિત કોઈપણ સાથે વાત કરવા તૈયાર છે. જોકે તેમણે કહ્યું કોઈપણ સોદા પર યુક્રેનના કાયદેસર સત્તાવાળાઓ દ્વારા સહી કરવી આવશ્યક છે. રાષ્ટ્રપતિ પુતિને એવા દાવાઓને ફગાવી દીધા હતા કે, રશિયા નબળી સ્થિતિમાં આવી ગયું છે.**

**તેમણે કહ્યું કે 2022માં યુદ્ધ શરૂ થયા બાદ રશિયાની સ્થિતિ મજબૂત બની છે. તેમણે યુક્રેન સાથે અસ્થાયી શાંતિ કરારના વિચારને નકારી કાઢ્યો અને કહ્યું કે માત્ર કાયમી શાંતિ કરાર જ સ્વીકાર્ય રહેશે.**

**રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની વાતચીત અંગે શ્રી પુતિને કહ્યું કે તેઓ બેઠક માટે તૈયાર છે, પરંતુ શ્રી ટ્રમ્પ સાથે ઘણા વર્ષોથી તેમની કોઈ વાતચીત થઈ નથી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને ઝડપથી સમાપ્ત કરવાનું વચન આપ્યું છે, પરંતુ આ પ્રયાસ માટે કોઈ રૂપરેખા સ્પષ્ટ કરી નથી.**

..........................................

# REV. NIGERIA-STAMPEDE TOLL

નાઇજીરીયાના દક્ષિણ-પશ્ચિમ શહેર ઇબાદાનમાં એક શાળામાં ક્રિસમસ કાર્યક્રમ દરમિયાન થયેલી નાસભાગમાં 35 બાળકોના મોત થયા છે. છ બાળકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ કાર્યક્રમમાં પાંચ હજાર જેટલા બાળકો હાજર રહ્યા હતા. રોકડ ઈનામો અને ભોજન માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં નાસભાગ મચી ગઈ હતી.

સત્તાવાળાઓએ આ ઈવેન્ટના મુખ્ય આયોજક અને પ્રાયોજક સહિત 80 લોકોની ધરપકડ કરી છે. આ કાર્યક્રમનું આયોજન વિંગ્સ ફાઉન્ડેશન અને એગિડિઝ્બો એફએમ રેડિયો દ્વારા કરાયું હતું. રાષ્ટ્રપતિ બોલા ટીનુબુએ પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને તપાસના આદેશ આપ્યા છે.

..........................................

# WOMEN'S T20 CRICKET

મહિલા T-20 ક્રિકેટમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને 60 રને હરાવી શ્રેણી 2-1થી શ્રેણી જીતી લીધી છે.

ગઇકાલે નવી મુંબઇમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા ભારતે 217 રન બનાવ્યા હતા. સ્મૃતિ મંધાનાએ 77 રન અને રિચા ઘોષે 54 રન કર્યા હતા.રિચા ઘોષે માત્ર 18 બોલમાં 50 રન ફટકારી મહિલા ટી-20માં સૌથી ઝડપી અડધી સદીના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી હતી.

જવાબમાં વેસ્ટ ઈન્ડિઝનો દાવ 9 વિકેટે 157 રનમાં સમેટાઈ ગયો હતો. રાધા યાદવે ચાર વિકેટ લીધી હતી. રિચા ઘોષને પ્લેયર ઓફ ધ મેચ અને સ્મૃતિ મંધાનાને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ મહિનાની 22, 24 અને 27 તારીખે વેસ્ટ ઈન્ડિઝ સાથે ત્રણ મેચની એક દિવસીય શ્રેણી રમાશે.

..........................................

## હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ...

- આજે તમામ અખબારોએ સંસદ પરિસરમાં થયેલી ધક્કમુક્કી અને રાહુલ ગાંધી સામે નોંધાયેલી ફરિયાદને મુખ્ય સમાચાર બનાવ્યા છે.
- આ સમાચારને તમામ અખબારોએ પહેલા પેજ ઉપર તસવીર સાથે સમાચાર બનાવ્યા છે.

- આ સમાચારની સાથે સાથે ડોલર સામે રૂપિયો ગગડ્યો, જમ્મુ કાશ્મીરમાં પાંચ આતંકવાદીઓ ઠાર જેવા સમાચાર પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- ગુજરાત સમાચારે સાંસદોની ધક્કામુક્કીમાં પ્રજાનો વિશ્વાસ ઘાયલના માર્મિક મથાળા સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.
- દિવ્ય ભાસ્કરે સંસદ પરિસરમાં ધક્કામુક્કી, રાહુલ સામે એફઆઇઆરના હેડિંગ સાથે સમચાર બનાવ્યાં છે, ફૂલછાબે અસંસદીય જીભાજોડી હવે ઝપાઝપીએ પહોંચીના શિર્ષક હેઠળ સમાચાર રજૂ કર્યા છે.
- અન્ય સમાચારોમાં નવગુજરાત સમયે વિરાટ કોહલી ટૂંક સમયમાં લંડન સ્થાયી થશે, અમેરિકાએ એચ-વન બી સહિતના વિઝા એપોઇન્ટમેન્ટના નવા નિયમો જાહેર કર્યાના સમાચાર પ્રસિધ્ધ કર્યા છે. ઉપરાષ્ટ્રપતિ વિરૂધ્ધની અવિશ્વાસની દરખાસ્ત ફગાવાઇ હોવાના સમાચાર પણ નવગુજરાત સમયે પહેલા પેજ ઉપ છાપ્યાં છે.
- સ્પોર્ટ્સ પેજ ઉપર નિવૃત્તિ બાદ ભારતીય સ્પિનર સ્વદેશ પરત ફર્યો તેમજ પાકિસ્તાનમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફીનું કોકડુ ઉકેલાયુ , ભારત તટસ્થ સ્થળે રમશે.

*******************************************